**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 2, Issue - 3, May-June – 2019
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 1.847
Received on : 29/05/2019 Accepted on : 18/06/2019 Publication Date: 30/06/2019

# દક્ષિણ ગુજરાતના હળપતિઓનું વિકાસલક્ષી વિશ્લેષણ

**ડૉ. દિપક જી. ભોયે**
આસિસ્ટન્ટ પ્રોફેસર, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (ગુજરાત) ભારત
ઈમેલ: dgbhoye79@gmail.com ,

***સારાંશ:*** *વિશ્વમાં આફ્રિકા પછી ભારતમાં જ આદિવાસીઓની સૌથી વધુ વસ્તી છે. દુનિયાની કુલ આદિવાસી વસ્તી પૈકીની લગભગ ૨૫ ટકા જેટલી આદિવાસી વસ્તી ભારતમાં વસે છે, જેઓ સમસ્ત ભારતમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં વહેંચાયેલા છે. દેશના જુદા જુદા ભાગોમાં ૫૭૩ આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. ૨૦૧૧માં ભારતમાં આદિવાસીઓની વસ્તી વધીને ૧૦૪.૨ કરોડ થઈ જે ભારતની કુલ વસ્તીના ૮.૬% જેટલી થાય છે. આદિવાસીઓની વસ્તી ધરાવતા રાજ્યોમાં ગુજરાત પાંચમો ક્રમ ધરાવે છે. વસ્તી ગણતરી: ૨૦૧૧ અનુસાર ગુજરાતની કુલ વસ્તી (૬૦૪૩૯૬૯૨) માં આદિવાસીઓની વસ્તી ૧૪.૮ ટકા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર હળપતિ(દુબળા), તલાવિયા જાતિની વસ્તી ૭.૨૧ ટકા છે. ગુજરાતમાં હળપતિ આદિજાતિ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ભરૂચ જીલ્લામાં વસવાટ કરે છે. આ જાતિ ભભ દુબળાભભ તરીકે પણ ઓળખાય છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતમજુરી છે. આ જનજાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ નહિવત અને વ્યસનનું પ્રમાણ વધું હોવાથી સામાજિક, આર્થિક રીતે ઘણા પછાત છે. હળપતિઓના વિકાસ માટે આદિ જાતિ પેટા યોજના, માંડવીના પ્રયાસોથી તેના કાર્યક્ષેત્રમાં આવતા તમામ હળપતિઓની વસ્તી ધરાવતા તાલુકાઓમાં કૃષિ વિકાસ માટે ઉદ્વવહન સિચાઈ યોજના, મત્સ્ય પાલન પ્રવૃતિ, તાલીમ સહ રોજગારી અને સાધન સહાય જેવી મુખ્ય યોજનાઓના પાયે હળપતિ સમુદાયના લોકોની સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં ઝડપી સુધારો લાવવામાં હળપતિ વિકાસ યોજનાઓ ખુબજ અસરકારક સાબિત થઈ છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *આદિવાસી, હળપતિ સમુદાય, આદિ જાતિ વિકાસ યોજના, ઉદ્વવહન સિચાઈ યોજના, મત્સ્ય પાલન પ્રવૃતિ, તાલીમ સહ રોજગારી*

## પૂર્વભૂમિકા:

આદિવાસી સમાજ ભારતીય સમાજનું એક અગત્યનું અંગ છે. વિશ્વમાં આફ્રિકા પછી ભારતમાં જ આદિવાસીઓની સૌથી વધુ વસ્તી છે. દુનિયાની કુલ આદિવાસી વસ્તી પૈકીની લગભગ ૨૫ ટકા જેટલી આદિવાસી વસ્તી ભારતમાં વસે છે, જેઓ સમસ્ત ભારતમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં વહેંચાયેલા છે. દેશના જુદા જુદા ભાગોમાં ૫૭૩ આદિવાસી જાતિઓ વસવાટ કરે છે, તેઓ જ્યાં વસવાટ કરે છે ત્યાં તેમની પોતાની એક આગવી ભાષા/બોલી હોય છે. ભારતમાં ૨૭૦ થી વધુ ભાષાઓ બોલાય છે(ગૌતમ: ૨૦૦૩). મિનીસ્ટ્ર ઓફ ટ્રાઈબલ અફેર્સના વાર્ષિક રીપોર્ટ (૨૦૧૧-૧૨) અનુસાર ભારતના સંવિધાનનાં અનુચ્છેદ ૩૪૨ અંતર્ગત અધિસૂચિત ૭૦૦થી વધુ જનજાતિઓ હોવાનું નોંધે છે કે જેઓ દેશના વિભિન્ન રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ફેલાયેલ છે, અનેક જનજાતિઓ એકથી વધુ રાજ્યોમાં વિસ્તરેલ છે. ઓરિસ્સા એક એવું રાજ્ય છે જેમાં અનુસૂચિત જનજાતિ સમૂહોની સંખ્યા સૌથી (૬૨) વધુ છે. આ તમામ જનજાતિઓ સાંસ્કૃતિક દ્રષ્ટિએ વિશિષ્ટ ભાત ઉપસાવે છે.

૨૦૧૧માં ભારતમાં આદિવાસીઓની વસ્તી વધીને ૧૦૪.૨ કરોડ થઈ જે ભારતની કુલ વસ્તીના ૮.૬% જેટલી થાય છે. ભારતના આદિવાસીઓની કુલ વસ્તીના ૮૩.૨ ટકા વસ્તી મુખ્યત્વે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, ગુજરાત, રાજસ્થાન, ઝારખંડ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને કર્ણાટકમાં છે. જ્યારે ૧૫.૩ ટકા આદિવાસીઓની વસ્તી ભારતના આસામ, મેઘાલય, જમ્મુ અને કાશ્મિર, ત્રિપુરા, મિઝોરમ, બિહાર, મણિપુર, અરૂણાચલ પ્રદેશ અને તામીલનાડુમાં છે. બાકીની નજીવી કહી શકાય એટલી વસ્તી અન્ય રાજ્યો/સંઘ પ્રદેશોમાં વસેલી છે. દેશની કુલ આદિવાસી વસ્તીમાં આદિવાસીઓની સૌથી વધારે વસ્તી ધરાવનારા રાજ્યોમાં પ્રથમ ક્રમાંકે મધ્યપ્રદેશ (૧૪.૬૯%), મહારાષ્ટ્ર (૧૦.૦૮%), ઓરિસ્સા (૯.૨૦%), રાજસ્થાન (૮.૮૬%) પછી ગુજરાત (૮.૫૫ %) રાજ્ય પાંચમાં ક્રમે આવે છે.(સેન્સસ : ૨૦૧૧)

## ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસતિ:

આદિવાસીઓની વસ્તી ધરાવતા રાજ્યોમાં ગુજરાત પાંચમો ક્રમ ધરાવે છે. વસ્તી ગણતરી: ૨૦૧૧ અનુસાર ગુજરાતની કુલ વસ્તી (૬૦૪૩૯૬૯૨)માં આદિવાસીઓની વસ્તી ૧૪.૮ ટકા છે. જે સંખ્યાની દષ્ટિએ ૮૯૧૭૧૭૪ લાખ છે. જેમાં ૪૫૦૧૩૮૯ પુરુષો(૫૦.૬૬%) અને ૪૪૧૫૭૮૫ સ્ત્રીઓ (૪૯.૩૪%) છે. આદિવાસી વસ્તી અને તેનું કેન્દ્રિકરણ તપાસતા માલુમ પડે છે કે, ગુજરાતના ૨૬ જિલ્લાઓમાંથી બાર જિલ્લાઓમાં આદિવાસી વસ્તી કેન્દ્રિત થયેલ છે. જેમાં કુલ આદિવાસી વસ્તીના ૯૫ ટકાથી પણ વધુ લોકો વસે છે. આ બાર જિલ્લાઓમાં દાહોદ(૧૭.૭૩ ટકા), વડોદરા(૧૨.૯૦ ટકા), તાપી (૭.૬૨ ટકા), સુરત (૯.૬૧ ટકા), વલસાડ (૧૦.૧૨ ટકા), નવસારી (૭.૧૭ ટકા), પંચમહાલ (૮.૦૯ ટકા), ભરૂચ (૫.૪૭ ટકા), સાબરકાંઠા (૬.૦૮ ટકા), નર્મદા (૫.૪૦ ટકા), બનાસકાંઠા (૩.૧૯ ટકા) અને ડાંગ (૨.૪૨ ટકા) જિલ્લાનો સમાવેશ થાય છે. અન્ય જિલ્લાઓમાં આદિવાસીઓનું પ્રમાણ ઘણું ઓછું છે.

ગુજરાતના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાની કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીના પ્રમાણની દ્દષ્ટિએ જોઈએ તો ડાંગ જિલ્લામાં સૌથી વધુ આદિવાસી વસ્તી ૯૪.૬૫ ટકા છે. ત્યાર પછી અનુક્રમે તાપીમાં ૮૪.૧૮ ટકા, નર્મદામાં ૮૧.૫૫ ટકા, દાહોદમાં ૭૪.૩૨ ટકા, વલસાડમા ૫૨.૯૩ ટકા, નવસારીમાં ૪૮.૧૧ ટકા, ભરૂચમાં ૩૧.૪૮ ટકા, સુરતમા ૧૪.૯ ટકા, પંચમહાલમાં ૩૦.૧૮ ટકા, વડોદરામાં ૨૭.૬૦ ટકા, સાબરકાંઠામાં ૨૨.૩૨ ટકા અને બનાસકાંઠામાં ૯.૧૦ ટકા આદિવાસી લોકો વસવાટ કરે છે. ગુજરાતમાં ૨૦૦૩ પૂર્વે ૨૯ જાતિઓ હતી. પરંતુ ૨૦૦૩ના ભારત સરકારના પરીપત્ર અને ગુજરાત સરકાર સામાજિક અધિકારીતા (આદિજાતિ વિકાસ) વિભાગના હુકમ ક્રમાંક : અજસ - ૨૦૦૩ - ૨૦ - જીઓઆઈ - ૨૩ - ચ - સચિવાલય, ગાંધીનગર તા. ૫ - ૯ - ૨૦૦૩ થી ગુજરાતની અનુસૂચિત જનજાતિઓ બાબતે સુધારા મુજબ કચ્છની ત્રણ જાતિઓ (કોળી, પારધી અને વાઘરી) ને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી રદ કરતા હાલમાં ગુજરાતમાં ૨૬ જનજાતિઓ આદિવાસીઓ તરીકે ઓળખાય છે.

૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર રાજયની કુલ આદિવાસી વસતિમાં ભીલો (ભીલ - ગરાશીયા, ડુંગરી - ગરાશીયા વગેરે)ની વસતિ ૪૭.૮૯ ટકા જેટલી છે. જયારે દુબળા (તલાવીયા, હળપતિ) ૭.૨૧ ટકા, ધોડિયા ૭.૧૨ ટકા, રાઠવા ૭.૨૦ ટકા, નાયકડા (નાયકા, ચોલીવાલા, મોટાનાના) ૫.૧૫ ટકા, ગામીત (ગાવીત, માવચી, પાડવી) ૪.૨૪ ટકા, કોકણા ૪.૦૫ ટકા, ચૌધરી ૩.૪૮ ટકા, વારલી ૩.૬૮ ટકા, ધાનકા (તડવી, તેતરીયા, વળવી) ૩.૧૫ ટકા, પટેલીયા ૧.૨૮ ટકા અને કોળી ૦.૭૫ ટકા છે અને અન્ય આદિવાસીઓની વસતિ ઘણી ઓછી છે. ગુજરાતની ૨૬ આદિવાસી જાતિઓ પૈકીની પાંચ આદિવાસી જાતિઓ અતિ પછાત છે જે ભઆદિમ જૂથભ તરીકે ઓળખાય છે. આ પાંચ આદિવાસી જાતિઓમાં કોટવાળિયા, કોલઘા, કાથોળી, સીદી અને પઢારનો સમાવેશ થાય છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર હળપતિ(દુબળા), તલાવિયા જાતિની વસ્તી ૭.૨૧ ટકા છે. ગુજરાતમાં હળપતિ આદિજાતિ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ભરૂચ જીલ્લામાં વસવાટ કરે છે. આ જાતિ ભભ દુબળાભભ તરીકે પણ ઓળખાય છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતમજુરી છે. આ જનજાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ નહિવત અને વ્યસનનું પ્રમાણ વધું હોવાથી સામાજિક, આર્થિક રીતે ઘણા પછાત છે. હળપતિઓની વસ્તી સુરતના ચોર્યાસી, બારડોલી, કામરેજ, ઓલપાડ, વાલોડ, માંડવી, માંગરોળ વગેરે તાલુકાઓ ઉપરાંત ભરૂચ જિલ્લામાં જંબુસર, વાગરા, હાંસોટ, આમોદ અને ભરૂચ તાલુકાઓમાં તેમજ વલસાડ જિલ્લાના નવસારી, ગણદેવી,પારડી, ઉમરગામ, ચીખલી અને વલસાડ તાલુકાઓમાં મુખ્યત્વે જોવા મળે છે.

ગુજરાતમાં મોટાભાગના હળપતિ કુટુંબો જમીન વિહોણ છે. તેથી તેઓ ખેતમજુરી કરીને ગુજરાન ચલાવે છે. તેઓની આવક અને શિક્ષણનું સ્તર નબળું છે. આમ, તેઓનું જીવન ધોરણ અન્ય પછાત વર્ગોની સરખામણીમાં ખુબજ નબળું છે. તેથી જ ગુજરાત રાજયમાં સરકાર દ્વારા વિસ્તૃત અભ્યાસ બાદ રાજયમાં છુટાછવાયા વસતા આદિમ જુથના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની છ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ખુબ આવકારદાયક પગલું ભરી હળપતિ વિકાસ યોજના વર્ષ ૨૦૧૦-૧૧માં શરૂઆત કરવામાં આવેલ છે. પ્રયોજના વિસ્તાર વિકાસની સંકલિત આદિજાતિ વિકાસ યોજનાઓ દ્વારા હળપતિ લોકોનો વિકાસ માટેની પાયાની સુવિધાઓ જેવી કે, રોડ, આવાસ, પીવાનું પાણી, વિજળીકરણ અને આજીવિકાની જરૂરિયાતો હળપતિઓના માટે પુરી કરી શકાય તેવા હેતુઓ છે.

**સંશોધન પધ્ધતિ:**

સંકલિત આદિજાતિ પ્રાયોજના, માંડવી દ્વારા હળપતિઓના વિકાસ માટેની યોજનામાં રોજગારીલક્ષી તાલીમ સહ ઉત્પાદન, સ્વરોજગારલક્ષી તાલીમ અને સાધન-સહાય, કૃષિ અને ઉદ્યવહન સિંચાઈ, મત્સ્યપાલન પ્રવૃતિ, ડેરી યોજનાનો લાભ આપી લાભાન્વિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આથી હળપતિ સમુદાયના લાભાર્થીઓને યોજનાઓનો વાસ્તવમાં કેટલેઅંશે લાભ પ્રાપ્ત કર્યો? તેમજ તેમની પરંપરાગત આર્થિક આજીવિકા પર કેવા પ્રકારની અસરો પડી છે તે અંગે હળપતિ વિકાસ યોજનાનું મૂલ્યાંકનાત્મક અભ્યાસોના આધારે દક્ષિણ ગુજરાતના જુદા જુદા તાલુકામાં વસવાટ કરતાં હળપતિઓનું વિકાસલક્ષી વિશ્લેષણ કરવામાં ગ્રામ અભ્યાસ વિભાગના વિદ્યાર્થીઓએ રજૂ કરેલ લઘુશોધ નિંબધોનો આધાર લઈ પ્રસ્તુત સંશોધન લેખ વિષયવસ્તુ વિશ્લેષણનાં સ્વરૂપે રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

**વિશ્લેષણ અને તારણો:**

પ્રસ્તુત સંશોધન લેખનું વિશ્લેષણ અને તારણોને અહીં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. જેમાં ખાસ કરીને કૃષિ અને ઉદવહન સિંચાઈ યોજના, રોજગારલક્ષી તાલીમ સહ ઉત્પાદન, મત્સ્યપાલન પ્રવૃતિ, વિજળીની સુવિધાઓ અંગેનું વિશ્લેષણ અને તારણો નીચે મુજબ છે.

**કૃષિ અને ઉદ્યવહન સિંચાઈ યોજનાની અસરકારકતા:**

સુરત જિલ્લાના હળપતિઓના વિકાસ માટે આદિ જાતિ પેટા યોજના, માંડવી દ્વારા હળપતિ કુટુબો કૃષિક્ષેત્રે વિકાસ સાધે અને તેમની આજીવિકામાં વધારો થાય તેવા હેતુસર કૃષિ અને ઉદ્યવહન સિંચાઈ યોજના લાગુ કરી હતી. તેથી આ યોજનાની સુરતના જુદા જુદા તાલુકાઓમાં કેવા પ્રકારની અસરો પડી છે તે અંગેના અભ્યાસો જોતાં, ચૌધરી ભુપેન્દ્ર (૨૦૧૫) એ સુરત જિલ્લાના મહુવા તાલુકાના સંદર્ભમાં કરેલ અભ્યાસમાં નોંધે છે કે હળપતિઓ પાસે ખેતીની જમીન ખુબજ ઓછા પ્રમાણમાં છે. પરંતુ જેમની પાસે થોડી ઘણી જમીન છે તેવા કુટુંબોને ઉદ્યવહન સિંચાઈ યોજના હેઠળ લાભ મળતા તેમની પરંપરાગત કૃષિ પર હકારાત્મક અસરો થયેલી જણાય છે. તેમના અભ્યાસમાં જે હળપતિ કુટુંબો જમીન ધારક હતા તેઓની ૯૪.૭ ટકા પિયત જમીન હતી. કારણ કે તેઓ પાસે પિયતના સ્ત્રોત જેવા કે કુવા, બોર, નદી, નહેર વગેરેની સુવિધા ઉપલબ્ધ હોવાથી તેઓને ઉદ્યવહન સિંચાઈ યોજના હેઠળ ઓઈલ અન્જિન અને પાઈપ લાઈનની સહાય ( આદિજાતિ પેટા યોજના- માંડવી દ્વારા આપવાથી લાભાર્થીના ખેતર સુધી

સિંચાઈનું પાણી મળતું થયુ હતુ. હળપતિઓની ખેતીમાં નફાકારક ઉત્પાદન થાય તેના માટે પાણી, ખાતર, દવા, બિયારણ વગેરે વસ્તુઓનો લાભ હળપતિ વિકાસ યોજના અંતર્ગત અપાતા મહુવા તાલુકામાં ૮૯.૫ ટકા હળપતિ કુટુંબોને બિયારણ(કારેલી, રીંગણ, ટામેટા, ગલકા, દુધી) અને અનુ ૧૦.૫ ટકા હળપતિ કુટુંબોને જમરૂખના છોડ અંગેનો લાભ પ્રાપ્ત કર્યો હતો. હળપતિ વિકાસ યોજના હેઠળની ઉદવહન સિચાંઇ યોજનાનો લાભ મળવાથી આજે અભ્યાસ હેઠળના વિસ્તારોમાં હળપતિ ખેડૂતો ખેતીમાં શાકભાજી ,શેરડી તેમજ કઠોળ વર્ગના પાક લેતા થયા છે. પટેલ, દિનલ (૨૦૧૫) સુરતના ઓલપાડ તાલુકામાં આદિજાતિ વિકાસ યોજના,માંડવી દ્વારા હાથ ધરવામાં આવેલ હળપતિ વિકાસ યોજનાઓમાં મુખ્યતવે મત્સ્યપાલન યોજના, સ્વરોજગારલક્ષી સાધન સહાય અને ઉદ્યવહન સિંચાઈ યોજનાનો લાભ લીધેલ હોય તેવા કુટુંબોની પસંદગી કરી અભ્યાસના કેટલાક તારણો નોંધે છે કે, હળપતિઓ પાસે માલિકીની જમીન ઓછા પ્રમાણમાં છે કેટલાંક કુટુંબો પાસે સાથણીની જમીન છે તેથી તેવા કુટુંબોએ હળપતિ વિકાસની ઉદ્યવહન સિંચાઈ યોજનાનો લાભ મળતા શાકભાજી, કઠોળ વર્ગના પાકો તેમજ સ્થાનિક બજારોમાં તેનું વેચાણ કરી રોજી મેળવતા થયા છે. પટેલ, દિવ્યા (૨૦૧૫), કામરેજ તાલુકાના હળપતિઓમાં આદિજાતિ પેટા યોજના માંડવી અંતર્ગત વિવિધ પ્રકારની યોજનાઓનો મળેલ લાભો અંગે નોંધે છે કે, ઉદ્યવહન સિંચાઈ યોજના હેઠળ પાઈપ લાઈન ફીટીંગનો લાભ તમામ લાભાર્થીઓએ લીધેલ છે. કારણ કે ઉત્તરદાતાઓને અન્ય પાણીના સ્ત્રોત જેવા કે, નદી, નહેર કે તળાવમાંથી પાણી ખેચી લાવવા માટે પાઈપ લાઈનની જરૂરિયાત વધુ હતી. આ સિવાય બિયારણ, ખાતર,જંતુનાશકો વગેરે વસ્તુઓનો લાભ મળ્યો હતો. ખાસ કરીને કામરેજના હળપતિઓ મુખ્યત્વે શેરડીનો પાક લેતા થવાથી તેમની ખેતીની આવક પણ વધી હોવાનું જણાવે છે. પરમાર, મહેશ sZ_!5f બારડોલીના અભ્યાસમાં જણાવે છે કે જમીન વિહોણા હળપતિ કુટુંબો મુખ્યત્વે મોટા જમીનદારોની જમીનમાં ખેતમજુર તરીકેની આર્થિક પ્રવૃતિ સાથે સંકળાયેલા હતા તેવા કુટુંબોને સરકાર દ્વારા જમીન ટોચ મર્યાદા હેઠળ સુરત જિલ્લાના હળપતિ કુટુંબોને સાંથણીની જમીન ફાળવેલી છે. પરંતુ જમીન બિન પિયત હોવાથી વરસાદી ખેતી પર જ નિર્ભર હતા. જેને ધ્યાને લઈ પ્રાયોજના વિસ્તાર વિકાસ કચેરી, માંડવી દ્વારા વર્ષઃ ૨૦૧૧ થી ૨૦૧૪ દરમિયાન ઉદ્યવહન સિંચાઈ યોજનાના અમલથી બે વર્ષમાં ૩૩ જેટલી ઉદ્યવહન સિંચાઈ યોજનાથી ૩૩૦ જેટલા ખેડૂતો લાભાન્વિત થયા છે.

**રોજગારીલક્ષી તાલીમ સહ ઉત્પાદન તેમજ સ્વરોજગારલક્ષી તાલીમ અને સાધન – સહાયઃ**

હળપતિઓના વિકાસ માટે આદિ જાતિ પેટા યોજના, માંડવી દ્વારા હળપતિ કુટુબોને રોજગારીલક્ષી તાલીમ સહ ઉત્પાદન તેમજ સ્વરોજગારલક્ષી તાલીમ અને સાધન - સહાય પુરી પાડી હળપતિ કુટુંબોની આજીવિકામાં સુધારો થાય તેવા ઉદેશ્યોથી રોજગારીલક્ષી તાલીમ સહ ઉત્પાદન તેમજ સ્વરોજગારલક્ષી તાલીમ અને સાધન - સહાયની યોજના લાગુ કરી હતી. જેમાં ખાસ કરીને હળપતિ પરિવારોના યુવાનોને સ્વરોજગારલક્ષી તાલીમો જેવી કે કડિયાકામ અને સુથારીકામની તાલીમ આપી સ્વતંત્ર રીતે વ્યવસાય કરે તેના માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેથી સુરતના જુદા જુદા તાલુકાઓમાં હળપતિ કુટુંબોના યુવાનોની આજીવિકામાં કેટલે અંશે બદલાવ આવ્યો છે તે અંગે પણ મૂલ્યાંકનાત્મ વિશ્લેષણ કરવુ ખુબજ જરૂરી છે. તેથી પ્રસ્તુત લેખમાં સુરતના જુદા જુદા તાલુકાઓને કેન્દ્રમાં રાખી થયેલા અભ્યાસોને જોતાં ચૌધરી ભુપેન્દ્ર (૨૦૧૫), સુરત જિલ્લાના મહુવા તાલુકાના સંદર્ભમાં કરેલ અભ્યાસમાં નોંધે છે કે, મહુવા તાલુકામાં હળપતિ વિકાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને વિવિધ તાલીમ આપવામાં આવી હતી. જેમાં કોમ્પ્યુટર તાલીમ અને હાઈક્વોલિટી ફેશન એન્ડ કોસ્યુમ જવેલરી મેકીંગ તાલીમ આપાયેલ હતી. જેમાં હાઈક્વોલિટી ફેશન એન્ડ કોસ્યુમ જવેલરી મેકીંગ અંગેની તાલીમ ૫૭.૯ ટકા અને કોમ્પ્યુટરની તાલીમ લીધેલ લાભાર્થીઓનું પ્રમાણ ૪૨.૧ ટકા હતા. આવા પ્રકારની તાલમીમાં જોડાયેલ લાભાર્થીઓને તાલમીમાં જોડાવા માટે પ્રોત્સાહનરૂપ સ્ટાઈપેન્ડનો લાભ પણ અપાયેલ હતો. આજે તાલીમ પામેલ લાભાર્થીઓને નજીકના શહેરોમાં કે કારખાનાઓમાં રોજગારી મેળવતા થયા છે. વધુમાં પટેલ,દિનલ(૨૦૧૫) સુરતના ઓલપાડ તાલુકાના સંદર્ભમાં નોંધે છે, આદિ જાતિ પેટા યોજના, માંડવી દ્વારા હાથ ધરવામાં આવેલ હળપતિ વિકાસ યોજના અંતર્ગત સ્વરોજગારલક્ષી સાધન સહાયમાં કડિયા કારીગાર યુવાનોને બાંધકામના કામમાં સાધન સહાય પેટે લાકડાના ટેકા ૧૦૦ નંગ, પ્લેટો ૭૬ નંગ અને કટર મશીન ૦૧ અને પ્લાય ૫૦ નંગ સાધન સહાય પેટે જૂથમાં આપવામાં આવવાથી એક સમયે કડિયાકામ દૈનિક મજૂરીથી કરવા જતા પરંતુ હવે તેઓને સાધન સહાય મળતા તેઓ જાતે નાના મોટા બાંધકામના કામો કરે છે. તેમનો સ્વરોજગારને પ્રોત્સાહન મળતાં તેમની આવક પણ વધી. પરમાર, મહેશ sZ_!5f પણ બારડોલીના અભ્યાસમાં જણાવે છે કે, હળપતિઓને સ્વરોજગારલક્ષી વિવિધ પ્રકારની તાલીમમાં કોમ્પ્યુટર તાલીમ પણ અપાયેલ હતી જેમાં ૯૦ ટકા યુવતિઓને કોમ્પ્યુટર તાલીમનો લાભ મળ્યો હતો. જેમાંથી ૬૦ ટકા સ્વરોજગારી મેળવી છે. જ્યારે ૨૦ ટકા કોમ્પ્યુટર તાલીમના લાભાર્થીઓ સ્વરોજગાર કરવા કરતાં વધું અભ્યાસમાં સંકળાયેલ હતા.આમ સ્વરોજગારલક્ષી તાલીમથી હળપતિ શિક્ષિત યુવક- યુવતિઓને રોજગારી મળતી થઈ છે.

**મત્સ્યપાલનની પ્રવૃતિઃ**

હળપતિઓના વિકાસ માટે આદિ જાતિ પેટા યોજના, માંડવી દ્વારા હળપતિ કુટુબો સ્વરોજગારી મેળવતા થાય તેના માટે પરંપરાગત મત્સ્યપાલનની આર્થિક પ્રવૃતિને ઉત્તેજન મળે તેના માટે મત્સ્યપાલન માટે સાધન સહાય યોજના લાગુ કરી હતી. આ યોજનાથી હળપતિઓની આજીવિકામાં કેટલો બદલાવ આવ્યો છે તે અંગે ખાસ કરીને સુરતના ઓલપાડ, કામરેજ અને બારડોલી તાલુકાના હળપતિ કુટુંબો પરના અભ્યાસોથી ખ્યાલ આવે છે. જેમાં પટેલ, દિનલ (૨૦૧૫) સુરતના ઓલપાડ તાલુકામાં આદિ જાતિ પેટા યોજના, માંડવી દ્વારા હાથ ધરવામાં આવેલ હળપતિ વિકાસ યોજના અંગેના અભ્યાસ અંતર્ગત નોંધે છે કે, મત્સ્યપાલનની પ્રવૃતિથી ઓલપાડ તાલુકાની હળપતિ મહિલાઓની મત્સ્યપાલન પ્રવૃતિને પ્રોત્સાહન મળ્યું છે. જેનાથી હળપતિ મહિલાઓના જુદા જુદા મંડળો આ કાર્યપ્રવૃતિ સાથે જોડાયેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, કુડસદ ગામની જય મેલડી કૃપા હળપતિ મહિલા પ્રગતિ મંડળની મહિલાઓ મત્સ્યપાલનની પ્રવૃતિમાંથી વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ જેટલી આવક મેળવતી થઈ છે. પટેલ lNjIFsZ_!5f તેમના અભ્યાસમાં નોંધે છે કે, કામરેજ તાલુકાના હળપતિઓમાં આદિજાતિ પેટા યોજના માંડવી અંતર્ગત હળપતિ લાભાર્થી કુટુંબોને

મત્સ્યપાલન પ્રવૃતિ માટે સાયકલ, જાર અને લારી જેવા સાધન સહાયનો લાભ મેળવી અને મત્સ્યપાલન પ્રવૃતિથી અહીંના લાભાર્થીઓ વર્ષ દરમિયાન ૧૫૦૦૦ સુધી વ્યકિતગત આવક મેળવતા થયા હોવાનું નોંધ્યુ છે. પરમાર,મહેશ(૨૦૧૫) પણ બારડોલી તાલુકાના અભ્યાસમાં નોંધે છે કે, હળપતિઓને મત્સ્યપાલન પ્રવૃતિ માટે સાધન સહાયમાં સાયકલ, પેટી અને સોકયા (જાળ) આપી હતી. મત્સ્યપાલનથી બારડોલીના હળપતિ લાભાર્થી કુટુંબો મહિને ૨૦૦૦ થી ૩૦૦૦ સુધીની આવક મેળવતા લાભાર્થી કુટુંબોનું પ્રમાણ ૫૦ ટકા જેટલુ હતું. જયારે ૨૦ ટકા લાભાર્થી કુટુંબો મહિને રૂ. ૭૦૦૦ થી ૧૫૦૦૦ સુધીની આવક મત્સ્યપ્રવૃતિથી મેળવતા હતા.

## વિજળીની સુવિધાઃ

આદિ જાતિ પેટા યોજના, માંડવી હેઠળ આદિ જાતિ વિકાસ યોજનામાં હળપતિઓને વિજળીની સુવિધા મળી રહે તેના માટેના પણ પ્રયત્નો કર્યા હતા. પરંતુ આ યોજનામાં માત્ર બારડોલી તાલુકામાં વંચિત હળપતિ કુટુંબોને જ આવરી લેવામાં આવ્યા હતો. તેથી અહીં બારડોલી તાલુકામાં વિજળીની સુવિધા અંગેની પરીસ્થિતિનું વિશ્લેષણ કરતાં પરમાર, મહેશ (૨૦૧૫) તેમના અભ્યાસમાં નોંધે છે કે, હળપતિ વસાહતોમાં એક સમયે વિજળીકરણનો અભાવ હતો. પરંતુ રાજીવ ગાંધી વિદ્યુતિકરણ યોજના અને કુટિર જયોર્તિગ્રામ યોજના હેઠળ આદિજાતિ વિભાગે વિજળીની સુવિધા મળતી થાય તેના પ્રયત્નો કર્યા, જેનાથી હળપતિ વસાહતો અને ઘરોમાં ઉજાસ ફેલાયો સાથે વિજળી સંચાલિત ઉપકરણો ( ટેલીવિઝન, ફ્રીજ, પંખા, ઈસ્ત્રી, મોબાઈલ વગેરે) નો ઉપયોગ કરતા થયા. આ ઉપરાંત વિજળીના કારણે તેમના બાળકો રાત્રી દરમ્યાન અભ્યાસ કરતા થયા છે.

## ઉપસંહારઃ

ટુંકમાં હળપતિઓના વિકાસ માટે આદિ જાતિ પેટા યોજના, માંડવીના પ્રયાસોથી તેના કાર્યક્ષેત્રમાં આવતા તમામ હળપતિઓની વસ્તી ધરાવતા તાલુકાઓમાં કૃષિ વિકાસ માટે ઉદ્વવહન સિચાઈ યોજના, મત્સ્ય પાલન પ્રવૃતિ, તાલીમ સહ રોજગારી અને સાધન સહાય જેવી મુખ્ય યોજનાઓના પાયે હળપતિ સમુદાયના લોકોની સામાજિક - આર્થિક પરિસ્થિતિમાં ઝડપી સુધારો લાવવામાં હળપતિ વિકાસ યોજનાઓ ખુબજ અસરકારક સાબિત થઈ છે.તેવું જુદા જુદા અભ્યાસોનું વિશ્લેષણ કરતાં જણાય છે.

## સંદર્ભસૂચિઃ


૧. ભોયે, દિપક (૨૦૧૫) હળપતિ વિકાસ યોજનાઓનું મૂલ્યાંકન, પ્રકાશનઃ આરઈટી, ઈન્ટરનેશનલ પબ્લીશીંગ, મહેસાણા. ચૌધરી ભુપેન્દ્ર(૨૦૧૫) સુરત જિલ્લાના મહુવા તાલુકાના સંદર્ભમાં હળપતિ વિકાસ યોજનાનો અભ્યાસ, એમ.આર.એસ.ની પદવી માટે રજૂ કરેલ અપ્રકાશિત લઘુ શોધ નિબંધ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૨. પટેલ, દિનલ (૨૦૧૫) સુરતના ઓલપાડ તાલુકામાં હળપતિ વિકાસ યોજનાનો અભ્યાસ, એમ.આર.એસ.ની પદવી માટે રજૂ કરેલ અપ્રકાશિત લઘુ શોધ નિબંધ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩. પટેલ, દિવ્યા (૨૦૧૫) કામરેજ તાલુકાના હળપતિઓમાં આદિજાતિ પેટા યોજના માંડવી અંતર્ગત હળપતિ વિકાસ યોજનાનો અભ્યાસ, એમ.આર.એસ.ની પદવી માટે રજૂ કરેલ અપ્રકાશિત લઘુ શોધ નિબંધ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૪. પરમાર, મહેશ (૨૦૧૫), બારડોલી તાલુકાના હળપતિ વિકાસ યોજનાનું મુલ્યાંકન, એમ.આર.એસ.ની પદવી માટે રજૂ કરેલ અપ્રકાશિત લઘુ શોધ નિબંધ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૫. વાર્ષિક અહેવાલ : ૨૦૧૧-૧૨, સંકલિત આદિજાતિ કચેરી, માંડવી.
૬. સુરત જિલ્લા હળપતિ વિકાસના પંથે (માહિતી પુસ્તીકા, ટી.એસ.પી.), ગુજરાત સરકાર, ગાંધીનગર
૭. ભારતની વસ્તીગણતરીઃ ૨૦૧૧.